રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૦૬ તા.૧૫/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ: શ્રી દિપ્તીબેન હરેશભાઈ સોલંકી** **વોર્ડ નં.૧૬**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૫ | ૧ | મારા મત વિસ્તાર વોર્ડ નં. ૧૬ થયેલ મેગા ડીમોલીશનમાં થયેલ તમામ પ્રકારના ખર્ચાઓની વિગતો, ચૂકવેલ નાણાઓની યાદી, ચૂકવવાના બાકી હોય તે નાણાઓની યાદી, જનરલ બોર્ડ સમક્ષ રજુ કરવી. મંડપ સર્વિસના રેટ કોન્ટ્રાકટરની વિગતો આપવી. | રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૬ માં આવેલ આજી નદીના પટ્ટા તેમજ અંતિમ નગર રચના યોજના નં. ૬ ના ૧૫.૦૦ મીટર પહોળાઈ ધરાવતા ટી.પી. રોડની રસ્તા રેષામાં આવતા ગેરકાયદેસર બાંધકામો/દબાણો દુર કરવા બાબતે તા.૨૩/૦૨/૨૦૨૬ અને તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મેગા ડીમોલીશન હાથ ધરવામાં આવેલ. આ ડીમોલીશન કરતા પહેલા તા.૨૧/૦૨/૨૦૨૬ અને તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ ડીમોલીશન પૂર્વે આગોતરી જાણ કરવા તથા લોકોને સમજાવટથી સ્થળાંતર કરાવવાની કામગીરી કરવામાં આવેલ, તેમજ તા.૨૫/૦૨/૨૦૨૬ થી તા.૨૭/૦૨/૨૦૨૬ સુધી ડીમોલીશન કરવામાં આવેલ બાંધકામોના કાટમાળ હટાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.<br><br>સમગ્ર ડીમોલીશન કામગીરી દરમિયાન અંદાજીત કુલ ૪૬૦૦+ જેટલા કર્મચારી/અધિકારીઓ (RMC સ્ટાફ, પોલીસ સ્ટાફ, વગેરે) અને અન્ય સપોર્ટીંગ સ્ટાફ સહિતનો સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ. સદરહું કામગીરી સવારના ૬ કલાકે થી શરૂ કરી સાંજના ૬ કલાક (અમુક ટીમોને સાંજે ૭ થી ૮ કલાક) સુધી કરવામાં આવેલ.<br><br>સદર ડીમોલીશન કરવા બાબતે રચવામાં આવેલ વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગતો નીચે મુજબ છે.<br><br>**સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત**<br><br>• સમગ્ર કામગીરી દરમિયાન મંડપ કામે કુલ રૂ. ૯,૦૯,૬૦૦/- નો ખર્ચ થયેલ, જે પૈકી રૂ.૪,૩૬૬/- નું ચૂકવણું કરવામાં આવેલ, જયારે બાકીનું ચૂકવણું |

કરવાનું બાકી છે.

- પીવાના પાણીની વ્યવસ્થા સ્થળ ઉપર જ પૂરી પાડવામાં આવેલ, જે પરત્વે કુલ રૂ.૨૨,૯૨,૦૯૬/- નો ખર્ચ થયેલ, જે તમામ ખર્ચ ચૂકવવાનો બાકી છે.
- વિડીયોગ્રાફર તેમજ ડ્રોન મારફત વીડીયોગ્રાફી, સર્વેલન્સ અને મોનીટરીંગ ના કામે કુલ રૂ.૨૮,૦૫,૮૦૮/- નો ખર્ચ થયેલ છે, જે પૈકી રૂ.૨૫,૫૨,૧૦૮/- ની ચુકવણી કરવામાં આવેલ છે, જયારે બાકીની રકમનું ચુકવણું બાકી છે.
- સમગ્ર કામગીરી દરમિયાન ઇલેક્ટ્રિક કામગીરીના કામે કુલ રૂ.૪,૬૬,૭૩૨/- નો ખર્ચ થયેલ છે, જે તમામ ખર્ચ ચૂકવવાનો બાકી છે.

<u>વર્કશોપ શાખા દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u>

- ડીમોલીશન કામગીરીમાં રાજકોટ મહાનગર પાલિકાના વિવિધ વાહનોમાં કુલ ૪૦૫૫ લીટર ડીઝલ પુરવામાં આવેલ, જે અન્વયે કુલ રૂ. ૩,૫૬,૮૮૦/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં અઆવેલ છે.
- નડતરરૂપ વાહનો ખસેડવા માટે ટોઈંગ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવેલ, જેના ભાડા પેટે રૂ. ૨૨,૭૫૦/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ.
- કર્મચારીઓ/અધિકારીઓને ડીમોલીશન સાઈટ પર જવા માટે તથા પરત આવવા માટે ભાડેથી મેળવવામાં આવેલ બસો માટે રૂ. ૬,૬૯,૭૬૮/- નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.

<u>સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત</u>

- ડીમોલીશન દરમિયાન કર્મચારી/અધિકારીઓની સુરક્ષા માટે કુલ ૧૯૦૦ હેલ્મેટની ખરીદી કેન્દ્ર સરકારના ઈ-માર્કેટ GEM PORTAL પરથી કરવામાં

| | | | |
|---|---|---|---|
| | | | આવેલ, જેમાં કુલ રૂ. ૪,૭૧,૨૦૦/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br>• સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મંજુર રેઈટ કોન્ટ્રાકટના ભાવે ૧૮૦૦ નંગ એપ્રન ખરીદી કરવામાં આવેલ, જે અન્વયે કુલ રૂ.૫,૦૭,૭૪૪/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br>• સેન્ટ્રલ સ્ટોર શાખાના રેઈટ કોન્ટ્રાકટ મુજબ ID card, દોરી અને સવાર સાથે ૨૦૦૦ નંગ ખરીદી કામે કુલ રૂ. ૨૪,000 નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવાનું બાકી છે.<br><br>ફૂડ એન્ડ રીફ્રેશમેન્ટની વ્યવસ્થા અન્વયે થયેલ ખર્ચ તથા ચૂકવણાની વિગત<br><br>• ફૂડ અને રીફ્રેશમેન્ટ માટે કુલ રૂ. ૨૭,૨૦,૯૪૬/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવાનું બાકી છે.<br><br>બાંધકામ શાખા દ્વારા ડીમોલીશન અર્થે વાહન અને માનવ સંસાધન પેટે કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગત<br><br>• જેસીબી, ડમ્પર, ટ્રેક્ટર, હિટાચી મશીન વિગેરે વાહનો, ડ્રાઇવર, બ્રેકર, ગેસ કટર વગેરે સાધનો માટે ઓપરેટર, ડ્રાઇવર, સુપરવાઇઝર જેના સુપર વિઝન અને સંકલન, વાહન અને માનવ સંસાધન માટે મેનપાવર ઉપરાંત લેબરના ખર્ચ પેટે કુલ રૂ. ૧,૪૭,૭૦,૭૬૩/- નો ખર્ચ થયેલ. જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br>• નળ કનેક્શન કપાત કરી એન્ડ કેપ લગાવવાની કામગીરી અર્થે કુલ રૂ. ૯૪,૪૨૭/- નો ખર્ચ થયેલ, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br><br>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા દેવપરા મેઈન રોંડ ઉપર આવેલ કાવેરી પ્લોટ ખાતે થી કોઠારિયા ખાણ સુધી સી. એન્ડ ડી વેસ્ટ નાખવા માટે કરવામાં આવેલ ખર્ચ અને ચૂકવણાની વિગત<br><br>• સદર કામે કોન્ટ્રાકટ ના બે ઈટાચી મશીન તથા ડમ્પર |

| | | | |
|---|---|---|---|
| | | | દ્વારા ૩૮૫ ફેરા થયેલ જેનો કુલ ખર્ચ રૂ. ૧૧,૮૦,૦૨૩/- થાય છે, જેનું ચુકવણું કરવામાં આવેલ છે.<br><br>**જંગલેશ્વરમાં મેગા ડીમોલીશન કામગીરી દરમિયાન તા.૨૧/૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ સુધી થયેલ કામગીરી દરમિયાન કુલ રૂ. ૨,૭૨,૯૨,૭૩૭ નો ખર્ચ થયેલ છે.**<br><br>રાજકોટ મહાનગર પાલિકાના વિવિધ કામો, કાર્યક્રમો માટે મંડપ સર્વિસના કામે એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન સાથે દ્વિવાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે. જેમાં મંડપ, બેરીકેટીંગ, ટેબલ, ટ્રસ, ખુરશી, નેટ, આદશ, પાણી તેમજ અન્ય આઈટમો સહીત વિવિધ ૧૧૬ આઈટમોનો સમાવેશ થાય છે. જે આ સાથે એનેક્ષર-એ થી સામેલ છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

# રાજકોટ મહાનગરપાલિકા

# સાંસ્કૃતિક વિકાસ વિભાગ

# મંડપ સર્વિસ કામના કોન્ટ્રાક્ટની વિગત

# એનેક્ષર – એ

- કામનું નામ : મંડપ સર્વિસ પુરૂ પાડવાનું કામ
- એજન્સીનું નામ : શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન
- કામની વિગત : રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ કાર્યક્રમોમાં જરૂરીયાત મુજબ મંડપ, સ્ટેજ, ડોમ, બેરીકેટિંગ, ટેબલ, ટ્રસ, ખુરશી, ટીપોઇ, પોડીયમ, દિવી, ફ્લોરીંગ, નેટ, આડશ, પાણી તેમજ અન્ય આઈટમો સહિત વિવિધ ૧૧૬ આઈટમોનો રેઈટ કોન્ટ્રાક્ટ કરવામાં આવેલ છે.
- ઠરાવની વિગત : સ્ટે. ક. ઠ. નં. ૧૬૨ તા.૧૧/૦૮/૨૦૨૩, જેની નકલ આ સાથે સામેલ છે.

પરિપત્ર નં.૦૫

સ્ટે.ક.ઠ.નં.૧૬૨ ઠરાવ આ.નં.૭૫

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ કામો માટે મંડપ કોન્ટ્રાક્ટરની સેવાઓ મેળવવા દ્વિવાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૧૬૦ તા.૦૮/૦૮/૨૦૨૩ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓના વિવિધ કામો માટે મંડપ સર્વિસ કામ કરી આપવાના કામે શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન સાથે સ્ટે.ક.ઠ.નં.૧૨૬, તા.૧૮-૦૭-૨૦૧૮થી મંજુર કરાયેલ ભાવે દ્વિવાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ અને વર્ક ઓર્ડર નં.૧૯૭ તા.૨૧/૦૮/૨૦૧૮થી સદરહુ એજન્સીને વર્ક ઓર્ડર આપ્યાથી ૦૨(બે) વર્ષ સુધી મંડપ સર્વિસ કામની કામગીરી કરવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ.

ઉપરોકત વિગતે, રેઈટ કોન્ટ્રાકટની મુદત પુરી થયેલ હોય નવો રેઈટ કોન્ટ્રાકટ કરવા તા.૦૬/૦૫/૨૦૨૨ના વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરી, ટુ બીડ પધ્ધતિથી ભાવો મંગાવવામાં આવેલ. જે અનુસાર નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં નીચે દર્શાવેલ વિગતે કુલ ૦૧(એક) એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન તરફથી ટેન્ડર રજુ થયેલ હતું. જેમાં રજુ થયેલ ભાવ(૧૦૦% વધુ) આ અગાઉના મંજૂર થયેલ ભાવની સરખામણીએ ખુબ જ વધુ જણાતા, આ કામે તા.૨૦/૦૭/૨૦૨૨ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરી, ટુ બીડ પધ્ધતિથી પુનઃભાવો મંગાવવામાં આવેલ. જે અનુસાર નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં નીચે દર્શાવેલ વિગતે કુલ ૦૧(એક) એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન તરફથી ટેન્ડર રજુ થયેલ હતું. જેમાં રજુ થયેલ ભાવ(૮૧.૦૦% વધુ) આ અગાઉના મંજૂર થયેલ ભાવની સરખામણીએ ખુબ જ વધુ જણાતા, તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ નેગોશીએશન કરવામાં આવેલ, જેમાં એજન્સી દ્વારા ૨૧% ઓછા કરીને ૬૦% વધુ ભાવ રજુ કરેલ.

ઉપરોક્ત વિગતે, રજૂ થયેલ ભાવ(૬૦% વધુ) આ અગાઉના મંજૂર થયેલ ભાવની સરખામણીએ ખુબ જ વધુ જણાતા, આ કામે તા.૦૨/૦૩/૨૦૨૩ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરી, ટુ બીડ પધ્ધતિથી પુનઃભાવો મંગાવવામાં આવેલ. જે અનુસાર નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં કુલ ૦૧(એક) એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન તરફથી ટેન્ડર રજુ થયેલ હતું. જ્યારે કુલ ૦૨(બે) એજન્સીઓ શ્રી ગણેશ મંડપ સર્વિસ તેમજ આર.એસ.રામસ્નેહી દ્વારા નિયત સમયમર્યાદા બાદ રજુ કરેલ હોય નિયમાનુસાર ટેન્ડર ખોલવામાં આવેલ ન હતા.

નિયત સમયમર્યાદામાં રજુ થયેલ એજન્સીનું ટેકનીકલ બીડ તા.૧૦/૦૪/૨૦૨૩ના રોજ ખોલવામાં આવેલ. જેમાં સદરહુ એજન્સી ક્વોલીફાય થતા તેમનું ઓનલાઇન પ્રાઇસબીડ તા.૨૬/૦૪/૨૦૨૩ના રોજ ખોલવામાં આવેલ. જેમાં રજૂ થયેલ ભાવની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | એજન્સીનું નામ | રજુ થયેલ ભાવ (એસ.ઓ.આર. કરતા વધુ/ઓછા % ટકા) |
|---|---|---|
| ૧ | શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન | ૭૨.૦૦% વધુ (બોતેર ટકા વધુ) |

ઉપરોક્ત વિગતે એજન્સી તરફથી રજૂ થયેલ ભાવ વધુ જણાતા, આ કામે તા.૧૯/૦૬/૨૦૨૩ના રોજ નેગોશીએશન કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | રજુ થયેલ ભાવ (એસ.ઓ.આર. કરતા વધુ/ઓછા % ટકા) | નેગોશીએશન બાદ નક્કી થયેલ ભાવ (એસ.ઓ.આર. કરતા વધુ/ઓછા % ટકા) |
|---|---|---|
| ૦૧ | ૭૨.૦૦% વધુ (બોતેર ટકા વધુ) | ૨૭.૦૦% વધુ (સત્યાવીસ ટકા વધુ) |

સબબ ઉપરોકત વિગતે આસી. મેનેજરશ્રી, સહાયક કમિશનરશ્રી, તથા નાયબ કમિશનરશ્રીના અભિપ્રાય અનુસાર આવેલ ભાવો વ્યાજબી જણાતા હોઈ, એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશનને વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૦૨(બે) વર્ષ માટે આ કામગીરી સુપરત કરવા તેમજ આ કામે તેઓની સાથે જરૂરી કરારનામું કરવા તથા નિયમાનુસાર સીક્યુરીટી ડીપોઝીટ વસુલ કરવા અને આ કામગીરીની અગત્યતા ધ્યાને લેતા, આ અગાઉ સ્ટે.ક.ઠ.નં.૧૨૬, તા.૧૮/૦૭/૨૦૧૮થી મંજુર થયેલ એજન્સી શ્રી ઉમીયાજી મંડપ ડેકોરેશન પાસેથી રેઇટ કોન્ટ્રાકટની મુદત પુરી થયાથી હાલ સુધી કરાવેલ કામગીરી બહાલ રાખવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ કામો માટે મંડપ કોન્ટ્રાક્ટરની સેવાઓ મેળવવા દ્વિવાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવાના કામે, એજન્સી શ્રી ઉમિયાજી મંડપ ડેકોરેશન તરફથી એસ.ઓ.આર.ની સાપેક્ષે રજુ થયેલ ૨૭.૦૦% વધુ ભાવ કમિશનરશ્રી દ્વારા મંજુર

કરવામાં આવેલ હોઈ, તે ભાવથી આ કામ સંબંધિત એજન્સીને વર્કઓર્ડર આપ્યાની તારીખથી ૦૨(બે) વર્ષની સમયમર્યાદામાં માટે સુપ્રત કરવાનું તથા આ કામે સંબંધિત એજન્સી સાથે નિયમાનુસાર કરાર કરવાનું તેમજ આ અગાઉ સ્ટે.ક.ઠ.નં.૧૨૬, તા.૧૮-૦૭-૨૦૧૮થી મંજુર થયેલ એજન્સી શ્રી ઉમીયાજી મંડપ ડેકોરેશન પાસેથી રેઇટ કોન્ટ્રાકટની મુદત પુરી થયાથી અત્યાર સુધી કરાવેલ કામગીરી બહાલ રાખવાનું મંજુર કરવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર

તા.૧૧/૦૮/૨૦૨૩

પ્રમાણિત નકલ

for મ્યુનિસિપલ સેક્રેટરી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

(સહી)પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રીમતિ દિપ્તીબેન સોલંકી

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૫ (૨) | રાજકોટ મહાનગરપાલિકામાં ચાલુ વરસના વરસાદમાં ૧ થી ૧૮ વોર્ડમાં કેટલા રસ્તાઓ તૂટી ગયેલ છે તેની પાછળ અંદાજિત કેટલો ખર્ચ થવાનો છે. અને કેટલા રસ્તાઓ ગેરંટીવાળા તૂટ્યા છે તેની વિગતો રજુ કરવી. | ચાલુ વર્ષ દરમિયાન આજદિન સુધી રાજકોટ શહેરમાં નોંધપાત્ર અથવા અતિભારે વરસાદની પરિસ્થિતિ સર્જાઈ નથી. જેથી મહાનગરપાલિકા દ્વારા નિર્મિત રસ્તાઓનું નિરીક્ષણ દરમિયાન કોઇ નોંધપાત્ર ડેમેજ જણાયેલ નથી.<br><br>આ નિરીક્ષણ દરમિયાન વોર્ડ નં. 1 થી 18માં વરસાદના કારણે કોઈપણ રોડમાં નોંધપાત્ર નુકસાન અથવા તૂટફૂટ નોંધાયેલ ન હોવાને કારણે રસ્તાઓના સમારકામ માટે કોઈ અલગથી અંદાજિત ખર્ચ નક્કી કરવાની જરૂરિયાત ઊભી થયેલ નથી.<br><br>તે જ રીતે, ગેરંટી પીરીયડ હેઠળના કોઈપણ રસ્તામાં વરસાદના કારણે ગેરંટીલાયક પ્રકારની ખામી અથવા ડેમેજ નોંધાયેલ નથી. પરિણામે ગેરંટીની શરતો હેઠળ કોન્ટ્રાક્ટર દ્વારા સુધારાત્મક કાર્યવાહી કરવાની કોઈ સ્થિતિ હાલ સુધી સર્જાઈ નથી. |

એડી. સીટી એન્જીનીયર
(સેન્ટ્રલ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

SWACHH SURVEKSHAN 2025-26

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

રા.મ.ન.પા/સો.વે.મે/જા. નં. ૧૫૦૨ તા. ૨૫/૦૭/૨૦૨૫

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ: શ્રીમતી દિપ્તીબેન સોલંકી

કોર્પોરેટ શ્રી વોર્ડ નં -૧૬

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૫.૩ | વોર્ડ નં ૧૬ માં જંગલેશ્વર ડિમોલીશન માં કુલ ૫ સુલભ શૌચાલય નું પણ ડિમોલીશન થયું છે. ત્યારે સ્વચ્છ ભારત ની વાતો કરતી અને ઘરે ઘરે શૌચાલય બનાવવાની વાતો કરતી સરકાર સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હકીકતમાં જંગલેશ્વરના લોકો માટે શું આયોજન કરશે તેની સંપૂર્ણ વિગતો રજુ કરવી. | જંગલેશ્વર વિસ્તારમાં કુલ ૪ ટોયલેટની સુવીધા ઉપલબ્ધ છે. તદઉપરાંત વોર્ડ નં. ૧૬/ક માં હુડકો શાક માર્કેટ પાસે પણ ૧ ટોયલેટ ની સુવીધા ઉપલબ્ધ છે.<br>જંગલેશ્વર વિસ્તારમાં આવશ્યક્તા જણાયે ટોયલેટ બનાવવાનું આયોજન કરવામાં આવશે. |

શાખાધિકારીની સહી:

પર્યાવરણ ઇજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
રાજકોટ મહાનગરપાલીકા